# ભાભી

**–તરુ કજારીયા**

'અરે યાર, આય એમ જેલસ ઓફ ધીસ પર્સન – 'ભાભી' ! દીવસમાં દસ વાર તમારા મોં પર એનું નામ હોય છે !'

ત્રીસેક વરસ પહેલાં રાજકોટની એક કંપનીમાં સવા વરસ મેં જૉબ કરેલી. ત્યારે મારી બાજુની કૅબીનમાં બેસતા એક યંગમૅને આ શબ્દો મને કહેલા. કંપનીના મૅનેજીંગ ડીરેક્ટરનો એ પુત્ર અમેરીકાથી મૅનેજમૅન્ટનો અભ્યાસ કરીને નવો નવો જ રાજકોટ પાછો ફર્યો હતો.

કલ્ચર શોકની અસર તાજી જ હતી. એવામાં મારા જેવી કલક્તામાં ઉછરેલી અને મુંબઈમાં રહેલી યુવતીની કૅબીન તેની બાજુમાં હતી એ (તેના જ શબ્દોમાં) તેને માટે 'આશીર્વાદ' સમું હતું. મારી સાથે સંવાદનો દોર એ સહેલાઈથી સાધી શકતો. પણ તેને મારી સામે આ ફરીયાદ હમ્મેશાં રહી. મને લાગે છે એ નીખાલસ હતો; એટલે કદાચ તેણે મને આ વાત મોઢા પર કહી દીધી હતી. પરંતુ ગયા મહીને મારાં ભાભીનું મૃત્યુ થયું. મારા તમામ મીત્રો, સ્નેહીઓ અને સ્વજનો પાસેથી જે એક વાક્ય અચુક સાંભળવા મળ્યું તે આ હતું : 'તને તો એમની ખોટ બહુ સાલશે... તારા મોઢે તો બસ ભાભી, ભાભી, ભાભી... એક જ નામ સાંભળ્યું છે!'

હા, માત્ર મારા હોઠ પર જ નહીં; મારા સમગ્ર જીવનમાં તેઓ એટલી હદે વણાઈ ગયાં હતાં કે મારા વીચારો અને મારી વાતોમાં તેમની હાજરી હમ્મેશાં રહેતી. આજે કમ્પ્યુટર પર લખાયેલો કોઈ શબ્દ કેટલી વાર આવ્યો તે જાણવું હોય તો 'ફાઈન્ડ કી'ની મદદથી જાણી શકાય છે. થાય છે, છેલ્લાં છત્રીસ વરસમાં મારા મોઢે આ નામ કેટલી વાર આવ્યું એ જાણવાની કોઈ ચાવી – 'ફાઈન્ડ–કી' હોત તો !

કોણ છે આ 'ભાભી'?

સગપણમાં એ મારાં સાસુ; પણ ઘરમાં નાનપણથી બધાં બાળકો તેમને બા કે મમ્મી કહેવાને બદલે 'ભાભી' કહેતાં. એટલે દીકરાની વહુઓ અને જમાઈઓ પણ તેમને ભાભી જ કહે. જો કે આ સાસુ કે તેનો અંગ્રેજી પર્યાય 'મધર-ઈન-લૉ' મને ગમતો નથી. વણકહે પણ એક પ્રકારનું અંતર એમાં ડોકાય છે. જ્યારે ભાભી સાથેનો મારો સમ્બન્ધ અત્યન્ત ગાઢ અને અનોખો હતો. મારી બા સાથે મેં જીન્દગીનાં બાવીસ વરસ વીતાવ્યાં હતાં, જ્યારે ભાભી સાથે હું પાંત્રીસ વરસ રહી. મને ભાભી પાસેથી બાની હુંફ મળી અને એક ભાભી સાથે સાધી શકાય તેવું સખ્ય પણ મળ્યું.

એમનું નામ સરલાબહેન. 'યથા નામ તથા ગુણ' જેવું જ તેમનું સરળ વ્યક્તીત્વ. હૈયા અને હોઠ વચ્ચે કોઈ વાંકી કેડી ન મળે. ચાર ફીટ દસ ઈંચનું નાજુક કદ, પાતળી કાયા, ઉજળો વાન, અણીયાળું નાક, ઝીણી સૌમ્ય આંખો, પાતળા ગુલાબી હોઠ અને ચહેરા પર છલકતી

ગરવી ખાનદાની. એ નાજુક રુપાળી ભાટીયાણી સાથે આ જૈનની દીકરીના સમ્બન્ધની સફર આજથી છત્રીસ વરસ પહેલાં શરુ થઈ. ૧૯૭૫થી ૨૦૧૦ સુધી અમે બન્ને સાથે રહ્યાં. વચમાં માત્ર એક વરસ મારે રાજકોટ રહેવાનું થયું એટલો જુદારો થયો.

સાડાત્રણ દાયકાની આ સહીયારી જીવનયાત્રામાં મેં ભાભીને કેટકેટલા ભીન્ન મુકામો પર જોઈ ! એ પહેલાંની તેમની જીન્દગી વીશે પણ જાણ્યું અને આશ્ચર્યચકીત બનતી ગઈ ! ગોવાના એક સુખી ભાટીયા પરીવારની એ દીકરી, પાંચ ભાઈઓની એકની એક બહેન હતી. હું પરણીને આવી પછી શરુઆતના દીવસોમાં કલકત્તાના અમારા આલીશાન દીવાનખાનામાં બપોરનો આરામ કરતાં કરતાં અમે વાતોએ વળગતાં. હું ભાભીને તેમનાં બાળપણ અને પીયરઘરની વાતો પુછતી. આવી જ એક બપોરે તેમની પાસેથી જાણ્યું હતું કે તેમનાથી મોટા બે ભાઈઓ તો કીશોર અને યુવાવસ્થામાં જ મૃત્યુ પામ્યા હતા. તેના આઘાતમાં તેમનાં મા પણ પીસ્તાલીસેક વરસે ચાલી નીકળ્યાં હતાં. એ વખતે મને બહુ જ નવાઈ લાગેલી કે તેમની વાતો સાંભળીને મારી આંખોમાંથી આંસુ સરતાં રહ્યાં હતાં; પણ ભાભીની આંખમાં જરીકે ભીનાશ નહોતી મળી. એ નાજુક સ્ત્રીની મજબુતી મને અચંબીત કરી ગઈ હતી !

ભાભીને પરણીને આવ્યાં, ત્યારે તેમના સસરાએ પોતાના એકના એક દીકરાની વહુ માટે કલકત્તામાં એ પાંચ માળનું મકાન બનાવડાવ્યું હતું. પોતાની પુત્રવધુને ભાડાના ઘરમાં ગૃહપ્રવેશ નહોતો કરાવવો એટલે કડીયાઓને–મજુરોને તાકીદ કરીને એ મકાન લગ્ન પહેલાં જ તૈયાર કરાવી લીધું હતું. બૅલ્જીયમ ગ્લાસના સોળ મોટા-મોટા અરીસાઓ અને સ્ટેઈન્ડ ગ્લાસથી મઢેલાં સીસમનાં લાકડાંના દરવાજાઓવાળા વીશાળ દીવાનખાનામાં પંદરમે વરસે ભાભી નવવધુ બનીને આવ્યાં ત્યારનો તેમનો એક ફોટો જોયેલો. એકદમ બાલીકાબધુ લાગતાં હતાં. એ ઘરના ઘર, સુખ-સાહ્યબી અને નોકર-ચાકરની જાહોરલાલીમાં તેમની જીન્દગીનાં આરંભનાં વરસો વીત્યાં. ભાભી ત્રણ દીકરા અને ચાર દીકરીઓની મા બન્યાં. બધાં ભણી-ગણી અને પરણી પણ ગયાં.

સુખના દરીયામાં ભરતી જ ભરતી હતી અને ભાભી એ બધું ગરીમાપુર્વક પચાવીને રહેતાં હતાં. તેમના સ્વભાવની કુણપ અને હૃદયની અનુકંપા પણ એવી જ છલોછલ હતી. એ વીશે મને અમારા એક ફોઈબા (ભાભીના નણંદ) પાસેથી જાણવા મળ્યું. ચંપાફુઈને લગ્નજીવનના આરંભના બે દાયકા ખુબ આર્થીક સંકડામણ અને અભાવનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ એ અરસામાં ભાભીએ તેમનું ખુબ જ ધ્યાન રાખ્યું. પતીને પણ ખ્યાલ ન આવે એમ નણંદના ઘરની જરુરીયાતો પુરી કરી દેતાં. વારે-તહેવારે પોતાનાં બાળકોની હારોહાર તેમનાંય બાળકોનાં પણ કપડાં ને બીજી-ત્રીજી જરુરીયાતોની કાળજી લેવાઈ જતી. આ વીશે આ પાંત્રીસ વરસમાં મેં ભાભીના મોઢે એક અક્ષરેય સાંભળ્યો નથી. આજે પણ ફોઈનાં દીકરા-દીકરીઓ જે અહોભાવથી ‘મામી’ને યાદ કરી ગદ્ ગદ થાય છે તે ભાભીની દરીયાદીલીનો પુરાવો છે.

અન્ય સગા-સ્વજનો પ્રત્યે કે નોકર-ચાકર પ્રત્યે પણ ભાભીનો વર્તાવ આવો જ સહાનુભુતીભર્યો. દુન્યવી દોલતનું અભીમાન તેમની વાણી કે વ્યવહારમાં ક્યારેય જોયું નથી. પરંતુ તેમના પોતાના જીવનનો કસોટીકાળ ઉત્તરાવસ્થામાં લખાયેલો હતો તેની કોને ખબર હતી ! સીત્તેરના દાયકાનાં છેલ્લાં વરસોથી ભાભીના જીવનમાં વીપદનાં વાદળો ઘેરાવા લાગ્યાં. પેલું મકાન અને આઠ દરવાજાની મોટી દુકાન વેચીને, ભાડાના એક નાનકડા ઘરમાં રહેવાનો દીવસ આવ્યો. કલકત્તામાં જેમણે ભાભીની જાહોજલાલી જોઈ હતી એ લોકોને ભાભીને આ સ્થીતીમાં જોઈને ખુબ લાગી આવતું. પણ એ બાબતે ભાભીની આંખમાં મેં ના તો કદી આંસુ જોયાં; ના કદી એમના હોઠ પર ફરીયાદ સાંભળી ! એ દીવસો મારા લગ્નજીવનના પણ શરુઆતના જ દીવસો હતા. સંસારની આ આસમાની-સુલતાની જોઈ હું દુ:ખી થઈ જતી. પરંતુ ભાભીની સ્વસ્થતા અને સંયમ જોઈ, એ દુ:ખને ભીતર ભંડારી રાખવાની તાકાત મળી.

પછી તો એ શહેર છોડીને મુંબઈ આવીને વસ્યાં. ધંધામાં ગયેલી ખોટનો સામનો નહીં કરી શકાતાં, એક પુત્રે ગૃહત્યાગ કર્યો. તેના એકાદ વરસ બાદ પુજ્ય ભાઈનું (સસરાજીને ઘરમાં બધાં ‘ભાઈ’ કહેતા) અવસાન થયું. ભાઈ પણ ભગવાનનું માણસ હતા. તેમના અવસાન પછી મારાં બા–બન્ધુબહેન મેઘાણીએ પોતાની બહેન પર લખેલા પત્રનો આ અંશ તેમનો આછેરો પરીચય કરાવી શકશે:

*‘તરુને રાજકોટ પત્ર લખ્યો છે. આવી પરીસ્થીતીમાં એના સસરા મનની ખાનદાનીની ખુશબો બરાબર સાચવીને સુખે, શાન્તીથી, વગર પીડાએ, પ્રભુના શરણમાં પહોંચી ગયા. ખરેખર ભગવાનના માણસ અતીશય ભલા હતા. હંમેશાં અમને કહેતા, ‘કાંઈ ચીંતા કરશો મા. બધું સારું થઈ જશે,’ અરે, મહેલમાં રહેનારા રસ્તે નીકળી પડે ત્યારે સતજુગના રામના દીવસો યાદ આવે ! પણ એ તો અમે તેમને ઘરે જઈએ ત્યારે આ શબ્દો યાદ કરતા અને વેળા પડી એને મનમાં જીરવી રહેતા:*

*‘સુખ-દુ:ખ મનમાં ન આણીએ, રઘુનાથનાં જડીયાં,*
*સંકટ સઘળાં સહીએ ને મુખથી સાચું કહીએ’*

સત્તાવન વરસે વીધવા થયેલાં ભાભીએ ભાઈ વીના ૨૯ વરસ વીતાવ્યાં ! પેલા દીકરાની ભાળ ભાભી જીવ્યાં ત્યાં સુધી મળી જ નહીં ! બાકીનાં સંતાનોની જીન્દગીની ગાડીઓ તો ચડી ગઈ પાટે; પણ ભાભીના મોઢે ક્યારેય પોતાના જીવનની કરુણાંતીકાઓ વીશે એક હરફ પણ સાંભળ્યો નથી. મારી બાએ ૧૯૮૧માં ભાભીને એક પત્રમાં લખેલું તે યાદ આવે છે:

*‘વહાલાં સરલાબહેન, તમારી હરસમયની સ્મૃતી અને અહીંના સહવાસની છબી મારા અંતરથી પળ પણ અળગી થતી નથી. ધરતીમાતા જેવી તમારી ધીરજ અને સહનશીલતાની તમારી તાકાત મેં નજરો–નજર જોઈ છે. તમારા સહુના ટેકે ટકી રહી છું.’*

સતત ઘરનાં કામ-કાજ અને વટ-વ્યવહારમાં વ્યસ્ત રહેવું ભાભીને બહુ ગમતું. ચોખ્ખાઈનો તેમનો ખ્યાલ ધર્મને રંગે રંગાયેલો હતો એટલે એઠાં-જુઠાંની શીસ્ત પાળવા હાથ ધોવાનું મહત્ત્વ ઘણું હતું. વારંવાર હાથ ધોવાનો તેમને ક્યારેય કંટાળો નહોતો આવતો.

તેમની કાર્યપ્રીતી તો ગજબની હતી. પચાસ વરસે તેમને પગમાં વાની તકલીફ થઈ હતી. ઘુંટણ પાસે ખુબ દુ:ખાવો થાય. ડૉક્ટરે કહેલું કે હરતાં-ફરતાં રહેજો; નહીં તો પગ જકડાઈ જશે. અને ભાભી દુ:ખતા પગે ઘરની ખરીદી કરવા ચાલીને જાય અને સીડીની ચડ-ઉતર ચાલુ જ રાખે. પોતાની કોઈ પણ શારીરીક પીડા કે માનસીક વ્યથાને ગાઈ-વગાડીને કહેવાનું તેમના સ્વભાવમાં જ નહોતું. સવારના ચાર ડીગ્રી તાવ હોય અને બપોરના ગેસ ઉપર તાવડો મુકી કડક પુરી કે સક્કરપારા બનાવતાં મેં ભાભીને જોયાં છે. એવો જ એમનો વ્રત-ઉત્સવોને ઉજવવાનો ઉમળકો. શીતળા સાતમને દીવસે કે દીવાસાને દીવસે દીકરીઓ કે નણંદોને ઘરે ચાંદીના લોટામાં દહીં ને ફ્રુટના ટોપલા ભરીને મોકલવાના હોય કે દીવાસાના જવારા વાવવાના હોય, તેમને બધું યાદ હોય અને સમયસર બધું કરે–કરાવે. વાર-તહેવારે પહેરી–ઓઢીને વડીલોને પ્રણામ કરવા જવાનું કે સગા-સમ્બન્ધી ને પાસ-પાડોશના સારા-માઠા પ્રસંગોએ ત્યાં પહોંચી જવાનું પણ એ ક્યારેય ચુક્યાં નથી.

ભાભીની સરળતાનો અને ગભરુપણાનો લોકો ગેરલાભ લેતા ત્યારે મને બહુ ગુસ્સો આવતો. પણ તેમને એમાં કંઈ ગુમાવ્યાનો અનુભવ ન થતો. મુંબઈમાં શીવાજીપાર્ક રહેતાં ત્યારે ભાભી કોઈકને ફોન કરવો હોય તો પણ ડરતાં-ડરતાં કરતાં. બધા ઘરમાં હોય તો ફોન કરવાનું ટાળતાં. ધીરે ધીરે એમનો એ સંકોચ દુર કરવામાં હું સફળ થઈ તેનો મને આનંદ હતો. બદલાતાં સંજોગો સાથે ઝાઝો ઉહાપોહ કર્યા વીના તાલ મીલાવી લેવાની ભાભીની કુનેહ મને તાજ્જુબ કરી દેતી ! અમારા પરીવારમાં નોકરી કરનાર હું પહેલી સ્ત્રી હતી. પણ મારા વ્યવસાયી રુટીન સાથે તેમણે સહેલાઈથી અનુકુલન સાધી લીધું. શરુઆતના એ સમયમાં મારા નાના દીકરાને ભાભીએ જીવની જેમ સાચવ્યો અને એ દાદી-પોતરા વચ્ચેનું બોન્ડ છેવટ સુધી અનેરું અને અતુટ રહ્યું.

અમારી વચ્ચેની રીલેનશીપ એટલી મુક્ત હતી કે મારી ઓફીસ અને કલીગ્સની વાતો કે મારા પીયરની બધી વાતો પણ ખુલીને ભાભી સાથે થઈ શકતી. બહાર ફરવા ગયા હોઈએ અને ખરીદી કરી હોય તો ઘરમાં આવીને પહેલાં ભાભીને એ બધી ચીજો હું હોંશથી બતાવું અને ભાભી પણ એટલા જ ઉત્સાહથી બધું જુએ અને કોને માટે શું લાવી છું એ રસપુર્વક જાણે. મારા જીવનનાં કેટલાંક સત્યો વણકહે ભાભીએ કથી લીધાં અને તેની સાથે સહમત ન હોવા છતાં એ સમભાવે સ્વીકારી લીધાં. ઉંમર અને માનસીક ભુમીકાની દૃષ્ટીએ અમારાં બન્ને વચ્ચે આમ તો ખાસ્સું અંતર હતું. મા-દીકરીની વચ્ચે થાય તેવા મત-ભેદ પણ અમારી વચ્ચે હતા જ; પરંતુ

અમારી વચ્ચે જે નીકટતા સ્થપાઈ હતી એ અભુતપુર્વ હતી. કોઈ પણ વાત છુપી રાખવાની જરુર જ ન રહે એવા સાસુ-વહુ વચ્ચેના સમ્બન્ધો સ્વયં એક ઘટના ન ગણાય ?

આવાં આ ભાભીએ આઠમી ઓક્ટોબરે, પહેલા નોરતાની સાંજે, ૮૬ વરસની વયે જીવન–લીલા સંકેલી લીધી ત્યારે મેં મારી બીજી મા ગુમાવી. છેલ્લાં બે વરસથી ભાભી પગમાં કપાસીની પીડાથી હેરાન હતાં. ઘણા ઉપચારો કર્યા છતાં વારંવાર ત્રાટકતી એ પીડાએ છેલ્લા નવેક મહીનાથી તેમની હર-ફર ઉપર રોક લગાવી દીધી હતી. એ ઉપરાંત વૃદ્ધાવસ્થા અને પાર્કીન્સન્સ. છેલ્લે ત્રણ અઠવાડીયાં પહેલાં પડી ગયાં અને માથામાં ઈજા થઈ. બીજે દીવસે એમ.આર.આઈ. કરાવ્યું. રીપોર્ટ નોર્મલ આવ્યો. અમે ચીંતામુક્ત બન્યા. પણ પછીના દીવસથી આંખ ખોલવાનું અને બોલવાનું લગભગ નહીંવત થઈ ગયું હતું. આખો સમય સુતાં જ હોય. સીનીયર ડૉક્ટરને કન્સલ્ટ કરીને તેમની સારવાર સુશ્રુષા ઘરે જ ચાલુ રાખ્યાં હતાં. આખી જીન્દગી સ્વનીર્ભર રહેલાં ભાભી નાના બાળકની જેમ એકે-એક જરુરીયાત માટે અવલંબીત થઈ ગયાં હતાં. તેમને ઉઠાડીને ખોરાક, પાણી, દવા ઈત્યાદી અને અન્ય સંભાળ રાખવાનું સમયસર થતું હતું. એ વખતે હોઠ ભીડી રાખે ત્યારે 'ભાભી, મોં ખોલો...આઆઆ...ઉ...ઉ...!' કરીને ફોસલાવતાં 'દાદી...કાળી લીટીવાળી પીપર ખાવી છે ?... હેય...? જુઓ...જુઓ...દાદીએ આંખ ખોલી... આજે તો આપણી દીવાળી...!' આવા સંવાદોની આપ-લે રોજીન્દી થઈ ગઈ હતી. સ્વજનોની આવ-જા શરુ થઈ ગઈ. બધા ભાભીને જોવા આવ્યાનો સંતોષ લેતા; પણ ભાભી, હવે કોણ આવ્યું કે ન આવ્યુંના પ્રદેશથી ઘણી દુર નીકળી ચુક્યાં હતાં. ભાગ્યે જ તે મુલાકાતીઓના સવાલોનો રીસ્પૉન્સ આપતાં. ભાભીને મળવાનો કે તેમની સાથે વાત કરવાનો સમય હવે પુરો થઈ ગયો હતો ! મૃત્યુ દબાયેલાં પગલે નીકટ આવી રહ્યું હતું અને પ્રતીદીન તેનો પગરવ મોટો ને મોટો થતો જતો હતો. જીન્દગીની આ અફર વાસ્તવીકતા પોતાના આગમન માટે અમને સજ્જ કરી રહી હતી; છતાંય મૃત્યુ તદ્દન સામોસામ આવી ઉભું ત્યારે હરીન્દ્ર દવેના શબ્દો ફરી એક વાર જીવતા થઈ ગયા: 'શાણપણની સઘળી દીવાલો હચમચી ઉઠી !' મારી જીન્દગીનો પણ એક અધ્યાય સમાપ્ત થયો. છેલ્લે તેના કાનમાં કહી દીધું હતું 'ચીંતા ન કરતી. હું બધું સંભાળી લઈશ.'

આજે દીવસો વીતતા જાય છે. સાંજ પડે ઑફીસેથી ઘર ભણી જવા નીકળું છું ત્યારે ભાભી વગરના ઘરનો સામનો કરવાનો છે એ વીચાર ઉદાસ બનાવી મુકે છે. પણ ભાભીના પુત્ર અને પૌત્રને ઉદાસીના ડુંગર તળેથી બહાર કાઢવાના છે એ વાતે શાણપણની સમ્પત્તીને થામી લઉં છું અને 'સરહદનો સીપાહી' (મારી બા મારે માટે આ વીશેષણ પ્રયોજતી) બનીને ઘરે પહોંચું છું – હસતી..હસતી ! અને પ્રતીદીન મારી જાતને ભાભીની સારપ અને સહૃદયતાની નીકટ પામું છું. તેના અતીઔદાર્યથી ક્વચીત અનુભવેલી નારાજગી બદલ આજે હસવું આવે છે. કેમ કે હવે સમજાય છે કે એ તો એવી જ હતી – સારમાણસાઈથી સભર સભર!

(લેખ લખાયો - નવેમ્બર ૨૦૧૦)

–તરુ કજારીયા

મેઘાણી પરીવારમાં કલકત્તામાં જન્મેલાં લેખીકાબહેને ચોવીસ વરસ મુમ્બઈમાં ‘જન્મભુમી’ જુથનાં અખબારોમાં વીવીધ વીભાગોમાં કામ કર્યું.. સાતેક જેટલાં મઝેદાર પુસ્તકો આપનાર આ લેખીકાને પાંચેક પારીતોષીકોયે મળ્યાં છે. હાલ તેઓ ‘મુમ્બઈ સમાચાર’ દૈનીકમાં એમની શનીવારી કટાર ‘નીજ નગરીયાં’ અને ‘મીડ–ડે’માં  દર મંગળવારે કટાર લખે છે.

## લેખીકા સમ્પર્ક :

TARU KAJARIA
303 Kamala Vihar - ‘G’, Mahavir Nagar, Kandivali (w), Mumbai – 400 067 - India
Mobile : 099870 74946
eMail - tkajaria5@yahoo.co.in

## સાહીત્યસર્જન :

૧. પાર લેગર ક્વીસ્ટની નોબેલ પારીતોષીક વીજેતા કૃતી ‘ધ હોલી લેન્ડ’નો અનુવાદ
૨. ‘એલીસ ઈન વન્ડરલેન્ડ’નો અનુવાદ– (૧૯૯૧)
૩. ‘ચાર્લી ચેપ્લીન’ (મોનોગ્રાફ)
૪. ‘ઈસ્મત ચુગતાઈ’ (મોનોગ્રાફ)
ત્રણેક ખ્યાતનામ સમ્પાદનો પણ તેમણે કર્યાં છે :
૫. ‘વ્યક્તી અને વીભુતી’ – હરીન્દ્ર દવેના અગ્રલેખોનું સુરેશ દલાલ સાથે સમ્પાદન
૬. શ્રીમતી કોકીલાબહેન અંબાણી લીખીત : ‘ધીરુભાઈ અંબાણી–મારા જીવનસાથી’ પુસ્તકનું સંશોધન અને સમ્પાદન
૭. ડૉ. સોનલ શાહ લીખીત ‘આત્મવીલોપનના પંથે’ પુસ્તકનું સમ્પાદન (૨૦૧૦)

@@@

‘સન્ડે ઈ-મહેફીલ’ - વર્ષ : આઠમું - અંક : 249 – July 29, 2012
‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@

# તમે શીખ્યા કે ?

બ્લોગમાં, ફેસબુકમાં, સ્કાઈપમાં, ચેટીંગમાં, મેઈલમાં કે વર્ડમાં આમ જ, કર્સર અહીં જ મુકી, ફટાફટ ગુજરાતીમાં લખતાં તમને ફાવ્યું કે ? જો હજી ક્યાંક બીજે લખી, તેની કૉપી કરી, અહીં પેસ્ટ કરવાની ઝંઝટથી થાક્યા હો તો http://lakhe-gujarat.weebly.com/ ની મુલાકાત લો.

તે માટેની સઘળી સામગ્રી ત્યાં મુકેલી જ છે. સુચવ્યા મુજબ કરો ને સ્ક્રીન પર ગુજરાતીમાં લખવા સક્ષમ બનો.. કશી પણ ગુંચ આવે તો અમને મેઈલ લખો.. તમે લખતા ન શીખી જાઓ ત્યાં સુધી અમે તમારી સાથે રહીશું.. uttamgajjar@gmail.com ..Surat..

@@@

**More than 1,50,00,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com/**
**More than 14,00,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com/**
**More than 3,00,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com/**

@@@

**You have already played Ukhana and General Knowledge Quiz. Now it's time to play Hang Monkey only on Gujaratilexicon. Have You Tried playing it? No ? Try It Today !!**

**http://www.gujaratilexicon.com/game/kids-corner/**

**Kids-corner is the section for not only kids but anyone can play and enjoy the Ukhanas & Quiz. It Is Extremely Educative, Vocabulary Enriching & Thoroughly Enjoyable ! It Is Addictive & Its Impact Is Far-Reaching. Enjoy The Playing & Relieve Those Childhood Educative & Exciting Games ! And Not Forget To Share Your Comments & Feedback With Us !**

Email IDs : Maitri Shah - **maitri@arniontechnologies.com**
&
Shruti Amin - **shruti@arniontechnologies.com**

@@@@@@@@@